# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૪/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# યાર્ન એક્ષ્પોમાં બીજા દિવસે પણ બાયર્સનો ધસારો, ૮૫૦૦ બાયર્સે મુલાકાત લીધી

સુરત. સુરતના કાપડ ઉદ્યોગનો વિકાસ ઝડપભેર થઈ શકે અને ઉદ્યોગકારોને યાર્ન પ્રોડક્શન વિશેની અદ્યતન ટેકનોલોજીની જાણકારી મળી શકે તે માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૩ ઓગષ્ટથી ૫ ઓગષ્ટ ૨૦૧૯ દરમિયાન સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યાર્ન એક્ષ્પો ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યુ છે. પ્રદર્શનમાં પ્રથમ દિવસે મેઘરાજાની સતત બેટીંગ વચ્ચે પણ ૩ હજારથી વધુ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, પ્રદર્શનમાં આજે બીજા દિવસે પણ ભર વરસાદે સવારથી જ બાયર્સની ચહેલપહેલ જોવા મળી હતી. સાંજ સુધીમાં આજે દિવસ દરમિયાન કુલ ૮૫૦૦ જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આમ બે દિવસ દરમિયાન કુલ ૧૧૫૦૦ બાયર્સે પ્રદર્શનનો લાભ લીધો હતો.

યાર્ન ખરીદી કરવા માટે આવેલા શ્રી યોગેશ ગોનાવાલાએ જણાવ્યુ હતુ કે, યાર્ન એક્ષ્પોમાં એકજ સ્થળેથી અમને પોલીસ્ટર, વિસ્કોસ અને જરી યાર્ન જેવા વિવિધ યાર્ન જોવા મળી ગયા હતા. આથી અમને જોઇતી કવોલિટી પ્રમાણે યાર્નની ખરીદી એકજ જગ્યાએથી અમે કરી શકયા હતા.

યાર્ન એક્ષ્પોમાં પ્રથમ વખત સ્ટોલ રાખનારા આંધ્રપ્રદેશના શ્રી પી.કે. શર્માએ કહયુ હતુ કે આ એક્ષ્પોમાં બે દિવસ દરમિયાન લુધિયાના, મુંબઇ, સુરત, અમદાવાદ અને ચાઇનાથી આવેલા બાયર્સે મુલાકાત લીધી હતી. સુરત અને અમદાવાદના ગ્રાહકો સાથે અત્યાર સુધી માત્ર ફોન ઉપર જ વાતો થતી હતી. તેઓને આ એક્ષ્પોમાં રૂબરૂ મળવાનો મોકો મળ્યો હતો. આથી ગ્રાહકો સાથેના જૂના સંબંધો તાજા થઇ ગયા હતા. આવી રીતે અમે અમારો બિઝનેસ ચોકકસપણે ડેવલપ કરી શકીશું.